# બે દીકરાનો બાપ

–આશા વીરેન્દ્ર

આખા દેશ પર યુદ્ધનો વીકરાળ, કાળો ઓછાયો પથરાયેલો હતો. નાનાં નાનાં ગામ કે શહેર જ્યાં જુઓ ત્યાં છોકરીઓ, આધેડ વયનાં સ્ત્રી–પુરુષો કે પછી ઘરડાંખખ, કમરેથી વળી ગયેલાં બુઢ્ઢા–બુઢ્ઢી જ દેખાતાં. જુવાનીયાઓને બધાને, ક્યાં તો ફરજીયાત યુદ્ધને મોરચે મોકલવા પડતા; ક્યાં તો કેટલાયે તરવરીયા યુવાનો, પોતાની મરજીથી દેશને ખાતર મરી ફીટવા હોંશે હોંશે સેનામાં ભરતી થતા.

મેક એનાં માતાપીતાનો એકનો એક દીકરો. એની મા હમ્મેશાં એને કહેતી, ‘જો દીકરા, ભણી–ગણીને અમારા બુઢાપાનો આધાર બનજે, હોં દીકરા ! બીજાનું જોઈને સેનામાં જોડાવાની કંઈ જરુર નથી ! તું એક લડવા જાય કે ન જાય; એનાથી કંઈ ફરક નથી પડવાનો.’

સ્ટેફી જ્યારે મેક સાથે વાત કરતી હોય ત્યારે રીચાર્ડ મોટે ભાગે ચુપ રહેતો. ક્યારેક વળી એટલું કહેતો, ‘અમે તો અમને સમજાય એવું કહીએ. અન્તે તો તારા અન્તરના અવાજને તારે અનુસરવાનું. તને જે યોગ્ય લાગે તે જ કરવાનું.’

જેને હજી તો હમણાં જ મુછનો દોરો ફુટવાની શરુઆત થઈ હતી એવા મેકે અન્તે પોતાનું ધાર્યું જ કર્યું. ‘આગળ ભણવા માટે રોમ જાઉં છું’, એમ કહીને ગયો ને લશ્કરમાં ભરતી થઈ ગયો. સ્ટેફી કકળાટ કર્યા કરતી.

‘જોયું ? તેં જ ચડાવ્યો એને સેનામાં જવા માટે. હું તો ના જ પાડતી હતી.’

‘એ એની મરજીથી ગયો છે; મારા કહેવાથી નહીં ! ને આખો દેશ જ્યારે ભડકે બળતો હોય ત્યારે જુવાન લોહી ઉકળી તો ઉઠે જ ને !’

મેક પત્રો દ્વારા આશ્વાસન આપ્યા કરતો કે, ‘હું માત્ર ટ્રેનીંગ લેવા જ જાઉં છું. બોર્ડર પર નથી જવાનો.’ પણ બેત્રણ દીવસ પહેલાં જ એમને તાર મળ્યો કે, ‘મેક યુદ્ધને મોરચે જવાનો છે એટલે આવીને મળી જવું.’

સ્ટેફી અને રીચાર્ડ હકડેઠઠ ભરેલા ડબ્બામાં જેમતેમ ગોઠવાયાં અને આજુબાજુ નજર કરી. એકબે જણ સાથે વાત કરી ત્યારે ખબર પડી કે આખો ડબ્બો એમનાં જેવાં જ બીજાં માવતરોથી ભરેલો છે. સમદુખીયાં લોકોને જોયા કે સ્ટફીએ આપવીતી શરુ કરી,

‘અમારો એકનો એક દીકરો મેક, અમારાં ઘડપણનો સહારો, એ જો લડવા જતો રહેશે તો અમે કોને આધારે જીવીશું ?’ બોલતાં બોલતાં એણે રડવા માંડ્યું.

‘અરે પ્રભુનો પાડ માનો કે તમારો દીકરાને છેક હવે બોર્ડર પર મોકલે છે. મારો વીલી તો યુદ્ધના પહેલાં દીવસથી જ ત્યાં છે. બે વાર જખ્મી થઈને ઘરે આવ્યો ને બન્ને વાર સાજો થયો કે તરત એને બોલાવી લીધો,’

‘તમે સૌ તમારી વાતો કરો છો; પણ મારા તો બે જુવાનજોધ દીકરાઓ અને એક ભત્રીજો, ત્રણે દેશ માટે લડી રહ્યા છે.’

સ્ટેફીના મનમાં એમ જ હતું કે મેક એનો એકમાત્ર પુત્ર હોવાથી અને એ સૈન્યમાં જવાનો હોવાથી એ સૌથી વધુ દુ:ખી છે. આટલાં બધાં જે ટ્રેનના ડબ્બામાં બેઠાં છે, એમાંથી કોઈ એના જેટલું દુ:ખી નથી. હમણાં જ જેણે પોતાના બે પુત્રોની વાત કરી હતી એ ડેવીડ સામે જોઈ એણે કહ્યું, ‘ગમે તેમ તમારે બે પુત્રો છે. ધારો કે બેમાંથી એકને કંઈ થાય તો તમને ખુબ દુ:ખ તો થવાનું જ છે; પણ સાથે એમ પણ વીચારશો કે બીજો દીકરો તો છે ને ! એના આધારે અમે જીવી શકીશું. જ્યારે અમારે માટે તો એવું કોઈ આશ્વાસન નથી.’

‘માફ કરજો, મેડમ; પણ હું માનું છું કે માતાપીતાનો પ્રેમ કોઈ રોટલો નથી, જેના ટુકડા કરીને જેટલાં સન્તાનો હોય એને બટકું બટકું વહેંચી શકાય પોતાને એક સન્તાન હોય કે દસ, માતાપીતા દરેકને એના ભાગનો પુરો પ્રેમ આપતાં હોય છે.’

‘તમારી વાત બીલકુલ સાચી છે,’ બીજા મુસાફરોએ કહ્યું.

‘જ્યારે દીકરાઓ યાદ આવે ને હું દુ:ખી થાઉં તો બન્ને માટે અડધોઅડધ દુ:ખી નહીં થાઉં; પણ બમણો દુ:ખી થઈશ !’

‘બરાબર છે; પણ આપણે કેટલી આશા ને અરમાનથી બાળકને પૃથ્વી પર લાવીએ છીએ !’

‘અહીં જ આપણે ભુલ કરીએ છીએ. સન્તાનોને આપણે પોતાની અધુરી ઈચ્છાઓ, અધુરાં સપનાં પુરાં કરવાનું સાધન માની બેસીએ છીએ !’

‘તમે બધું સહેલાઈથી કહી શકો છો કેમ કે તમારા બે દીકરાઓ....’

‘મેડમ, હું તો માનું છું કે એમણે જે કર્યું એનું આપણને ગૌરવ હોવું જોઈએ. ધારો કે દુશ્મન સાથે લડતાં એ શહીદ પણ થાય; તોયે આપણે વીચારવું જોઈએ કે જીન્દગીની કુરુપતા, કડવાશ,

સમ્બન્ધોનું છીછરાપણું આ બધું સહન કરવાનું એમને ભાગે ન આવ્યું ને પોતે પસન્દ કરેલા માર્ગે હસતાં હસતાં આગળ વધી ગયા એટલા તેઓ વધુ નસીબદાર,' ડેવીડે કહ્યું.

'આ બધી સુફીયાણી વાતો છે. એ તો જ્યારે પોતાના પગ નીચે રેલો આવે ત્યારે....' સહયાત્રીમાંથી કોઈ બોલતું હતું ત્યારે ડેવીડે પોતાના ખીસામાંથી એક ચોળાયેલો કાગળ બહાર કાઢ્યો અને મોટેથી વાંચવા માંડ્યો :

'વહાલાં મા અને પાપા,

'દસેક દીવસ પહેલાં તમને મોટા ભાઈ શહીદ થયાના સમાચાર મળ્યા હશે. એ જ્યારે ઘાયલ થયા ત્યારે અમે બન્ને ભાઈઓ લડાઈમાં સાથે જ હતા. એમણે મને ઈશારાથી તમને બેઉને પ્રણામ પાઠવવાનું કહેલું.

'મને પણ એ વખતે ખભામાં ગોળી વાગેલી. ડૉક્ટરોને હતું કે સારું થઈ જશે; પણ મને ધનુર થઈ ગયું. મને ખબર છે કે હું એક–બે દીવસનો મહેમાન છું. હું ખુબ આનન્દમાં છું. મેં ઈચ્છ્યું હતું એવું મોત પણ મને મળે અને મારા દેશ માટે કુરબાન થઈ જઈશ, એનાથી રુડું શું ? તમે બેઉ ખુશ રહીને અમને યાદ કરજો; રડી–કકળીને નહીં. હવે વધુ નહીં લખી શકાય. રજા લઉં ?..'

'તમારો નાનો પુત્ર'

આધેડ પુરુષે ડબ્બામાં સૌ તરફ નજર કરી અને આંખ પર રુમાલ દબાવતાં કહ્યું, 'મારા દીકરાઓના અવશેષ લેવા જાઉં છું ત્યારે હું ખુશ છું. દુ:ખ નથી; દુ:ખી નથી'

(લુઈ જી પીરાંડેલોની સ્વીસ વાર્તાને આધારે..)

–આશા વીરેન્દ્ર

તા. 16-07-2016ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લા પાન પરથી લેખીકાની સમ્મતીથી સાભાર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: બારમું – અંક: 368 –February 19, 2017

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,32,57,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 72,19,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,03,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 4,99,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@